647510 **BA02GujC104B** **Seat No :________**

## B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April – 2026 (New Course)
## GUJARATI P4: GUJARATI VYAKARAN SARJAN LEKHAN KAUSHAL-2 (CORE)

**Time: 2:30 Hours** **Marks:70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

સાહિત્ય એ જીવનનું પ્રતિક છે. જીવન નીરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાતાતા છે અને સર્વમંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રાસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સહિત્યની ઉપાસના ન કરતા જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીના ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતી કરવી હોય તો જીવનની ઉન્નતી કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

- કાકા સાહેબ કાલેલકર

અથવા

પ્રશ્ન-૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો.

કલાકારનું અનુસંધાન સર્વકાળ જોડે હોય છે, કેમ કે માનવલાગણી કોઈ એક કાળની નથી, સમગ્ર કાળની છે. અને એ લાગણીને આકારબદ્ધ કરવા કલાકાર હમેશા પ્રયત્નશીલ રહે છે, એથી એની કૃતિમાં સનાતનતા આપોઆપ પુરાઈ જાય છે. પણ આવા નવા નવા, મો માથું જેમાં સુઝે નહિ એવા અખતરા કરનાર કલાકારે સાવચેત એ વાતથી રહેવું જોઈએ કે નવા નવા રૂપ સિદ્ધ કરવાની એની ઝંખનામાં એ માત્ર નવીનતામાં જ અટવાઈ-ગૂંચવાઈ તો નથી જતો ને ? જો એમાં જ પરોવાઈ ગયો તો પેલી સનાતનતા એની કૃતિમાં ડોકાવાની પણ નહિ. તો એની કૃતિ માત્ર નવીનતાઓનો શંભુમેળો બની જવાની. એ કૃતિ આકર્ષક બને તોય ક્ષણ પૂરતી જ બની રહે, કેમ કે એવી પોકળ નવીનતાનું, નવીનતા ખાતર નવીનતામાત્રનું આયુષ્ય અલ્પ હોય છે.

- ગુલાબદાસ બ્રોકર

પ્રશ્ન-૨ નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

“તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચો શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહિ પરંતુ સમાજને પણ નુકશાન પહોંચાડી શકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ અનુભવનો વિષય છે. આ ધર્મ છે અને તમે જયારે તેને પામો ત્યારે જ ધર્મ લાદ્યો ગણાય. તે પહેલા તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે ‘તમે જે સાંભળ્યું હોય એમાં શ્રદ્ધા ન રાખો. કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યા આવ્યા છે માટે તેમાં ન માનો. તમે જે સત્યથી ટેવાઈ ગયા હો તો પણ ન માનો, તમારા વડીલો, ગુરુઓનો આદેશ છે માટે પણ ન માનો, પણ તમારી જાત વિષે વિચાર કરો’.”

- સ્વામી વિવેકાનંદ

અથવા

પ્રશ્ન-૨ નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

'મેં નાનપણથી જોયું કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે, સ્વાભાવિક છે. સત્યનિષ્ઠા ખરું જોતા કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને મા-બાપ બાળકોમાં જાણ્યે અજાણ્યે અસત્યનિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે. એ સત્યનિષ્ઠા દૃઢમૂળ થયા પછી જયારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભવિક સ્થિતિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો ! એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે. કેમકે એ પહેલાથી ત્યાં હતી જ. નાના બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઈચ્છે છે તેવું સીધે સીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતા અગવડરૂપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાક બાળકો તો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું સૂઝતું જ નથી. અરે સત્યની માંગણી થાય ત્યારે મૂંગા બેસી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઈ માંત્રિક મંત્ર બોલે અને સાપ લાચારીથી પોતાન દરમાંથી બહાર આવે, કમને આવે, પણ આવ્યા વગર રહે જ નહિ. તેવી રીતે માણસ સત્યની માંગણી આગળ સ્વાભવિક રીતે મંત્રમુગ્ધ થઇ જેમ તેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે સત્યનું. અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ મૂર્તિનું.

\- ગાંધીજી

પ્રશ્ન-3 ગુજરાતી ભાષામાં વપરાતા વિવિધ વિરામચિહ્ન ઉદાહરણ સહીત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ વિરામચિન્હો મુકીને ફરીથી લખો.

1) મા એ મા
2) ના એ ચોપડી મારી છે
3) તમે મારી વાત સાંભળો છો કે
4) તુ કેટલો દુબળો થઇ ગયો છે ઓળખાતો પણ નથી
5) ગીરનાર જાણે કે નિંદ્રાધીન ઋષિ
6) શું તેઓ ગયા
7) તમારાથી આવું કામ થાય

પ્રશ્ન-૪ સમાસ રચના એટલે શું ? સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ નીચેની કહેવતોનો અર્થ જણાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો.

1) દુષ્કાળમાં અધિક માસ.
2) ધરમની ગાયના દાંત ન જોવાય.
3) પારકી મા કાન વીંધે.
4) એક સાંધો ત્યાં તેર તૂટે.
5) ઉતાવળે આંબા ન પાકે.
6) કોલસાની દલાલીમાં હાથ કાળા.
7) ઘેર ઘેર માટીના ચુલા.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ ૨ (બે) ટૂંકનોંધ લખો. (૧૪)

1) કોઈપણ ચાર રૂઢીપ્રયોગ જણાવી તેના અર્થ સમજાવો.
2) દ્વંદ્વ સમાસની વ્યાખ્યા આપી, ત્રણ ઉદાહરણ આપો
3) બહુવ્રીહી સમાસની વ્યાખ્યા આપી, તેના ત્રણ ઉદાહરણ આપો.
4) નીચેનામાંથી કોઈપણ ત્રણ સમાસનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો.

કલ્પવૃક્ષ, ચોમાસું, માબાપ, દહીંવડા, સ્વર્ગવાસ, જન્મદાતા,

*************************